# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિનો લાભ મેળવવા ખેડૂત કુટુંબ માટે માર્ગદર્શન

- **પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો મુખ્ય હેતુ:**

ભારત સરકારશ્રી દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૧૦૦% કેન્દ્ર સહાયિત યોજના તરીકે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના જાહેર કરવામાં આવેલ છે.

- **સહાયનું ધોરણ:** ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂ.૬૦૦૦/- સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપાત્ર થશે. જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચુકવવામાં આવશે. જેમાં પહેલો હપ્તા તરીકે તારીખ ૦૧/૧૨/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો સમયગાળો રહેશે.
- **સહાય મેળવવા અંગેની પાત્રતા:** બે હેક્ટર સુધીની જમીન ધરાવતું ખેડૂત કુટુંબ (પતિ, પત્નિ અને સગીર બાળકો (૧૮ વર્ષથી ઓછી વયના) કે જેઓ સંયુક્ત રીતે પોતાની બે હેકટર સુધી ખેડાણ લાયક જમીન ધરાવતા હોય) સહાય મેળવવા પાત્રતા ધરાવે છે. ખેડુત કુટુંબના સભ્યોની રેવન્યુ રેકોર્ડ મુજબ ધારણ કરેલ કુલ જમીન જો બે હેક્ટર કરતા ઓછી થતી હોય તેવા તમામ નાના અને સિમાંત જમીન ધારક ખેડુત કુટંબ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે.
- **સહાયની પાત્રતા અંગેના ધારા ધોરણો:**

  (અ) ખેડૂત કુટુંબ તરીકે બે હેક્ટર સુધી જમીન ધારણ કરેલી હોય તેને સહાય મળી શકે છે.

  (બ) લેન્ડ રેકોર્ડમાં એક કરતા વધુ જમીન ધારક ખેડૂત કુટુંબના નામ હોય અને કુલ જમીન બે હેક્ટરની મર્યાદામાં હોય તે કિસ્સામાં રેકોર્ડમાં નામ ધરાવતા તમામ સ્વતંત્ર ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.

  (ક) અ અને બ પૈકી કોઇ એક અથવા બન્ને માં એક કરતા વધુ જગ્યાએ જમીન ધારક ખેડૂત કુટુંબ તરીકે નામ ધરાવતા હોય તે કિસ્સામાં તેમના માલિકી પણા હેઠળ આવતી તમામ ખાતાની જમીનનું કુલ બે હેકટરની મર્યાદામાં હોય તેમને સહાય મળવાપાત્ર રહેશે.

  (ડ) લેન્ડ રેકોર્ડ માં કુલ જમીન બે હેક્ટર કરતા વધુ હોય અને એમાં સમાવિષ્ટ જમીન ધારક ખેડૂત કુટુંબ એક કરતા વધુ હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ જમીન ધારક ખેડૂત કુટુંબમાં પ્રતિ ખેડૂત કુટુંબ દીઠ જમીન બે હેક્ટરની મર્યાદામાં આવતી હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.
- **સહાય મેળવવા માટે ખેડુતની જરૂરી વિગતો:** ખેડુતનું નામ, ગામ, તાલુકો, આધાર નંબર, કેટેગરી, IFSC કોડ અને બેંક ખાતાની વિગતો.
- **ખેડૂત કુટુંબે લાભ મેળવવા શું કરવું ?**
  - આ યોજનાનો લાભ લેવા માંગતા ખાતેદાર ખેડૂતોએ પોતાના ગામમાં જ નક્કી થયેલ સર્વિસ પ્રોવાઇડર મારફત (http://www.digitalgujarat.gov.in/ પોર્ટલ પર) ઓનલાઇન અરજી કરી શકશે.
  - સર્વિસ પ્રોવાઇડર જેવા કે વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિનીયોર (વી.સી.ઇ.), દુધ મંડળી, સહકારી મંડળી, અન્ય કોઇ સરકારી અથવા સહકારી સંસ્થા/વ્યક્તિ મારફત અરજી કરી શકશે.
  - અરજીકર્તાએ એ વિગતો સહિતનું ફોર્મ અને સંલગ્ન એકરારનામાની પ્રિન્ટ લઈ સહી કરી બેન્ક એકાઉન્ટ વિગત માટે ચેક/પાસબુકની નકલ અને આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ ડેટા એન્ટ્રી કેન્દ્ર ખાતે જમા કરાવવાની રહેશે. તલાટીએ તમામ વિગતો/દસ્તાવેજો એકત્રિત કરી લેવાના રહેશે
  - જમીન ધારક ખેડૂત કુટુંબ પૈકી લેન્ડ રોકોર્ડ પર નામ ધરાવતા વ્યક્તિ જો ગામમાં ન હોય અથવા ગામમાં રહેતા ન હોય તો તેમના વતી ખેડૂત કુટુંબ પૈકીના અન્ય પુખ્ત વ્યક્તિ એકરારનામું રજુ કરી શકશે. જે માટે એકરાનામું કરનાર વ્યક્તિએ પોતાનું નામ અને જમીન ધારક સાથેનો સબંધ એકરારનામાના નીચે ઉલ્લેખ કરવાનો રહેશે.

## પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિનો લાભ મેળવવા ખેડૂત કુટુંબ માટે માર્ગદર્શન

❖ **પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો મુખ્ય હેતુ:**

ભારત સરકારશ્રી દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૧૦૦% કેન્દ્ર સહાયિત યોજના તરીકે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના જાહેર કરવામાં આવેલ છે.

❖ **સહાયનું ધોરણ:** ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂ.૬૦૦૦/- સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપાત્ર થશે. જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચુકવવામાં આવશે. જેમાં પહેલો હપ્તા તરીકે તારીખ ૦૧/૧૨/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો સમયગાળો રહેશે.

❖ **સહાય મેળવવા અંગેની પાત્રતા:** બે હેક્ટર સુધીની જમીન ધરાવતું ખેડૂત કુટુંબ (પતિ, પત્નિ અને સગીર બાળકો (૧૮ વર્ષથી ઓછી વયના) કે જેઓ સંયુક્ત રીતે પોતાની બે હેકટર સુધી ખેડાણ લાયક જમીન ધરાવતા હોય) સહાય મેળવવા પાત્રતા ધરાવે છે. ખેડુત કુટુંબના સભ્યોની રેવન્યુ રેકોર્ડ મુજબ ધારણ કરેલ કુલ જમીન જો બે હેક્ટર કરતા ઓછી થતી હોય તેવા તમામ નાના અને સિમાંત જમીન ધારક ખેડુત કુટંબ સહાય મેળવવા પાત્રતા ધરાવે છે.

❖ **સહાયની પાત્રતા અંગેના ધારા ધોરણો:**

(અ) ખેડૂત કુટુંબ તરીકે બે હેક્ટર સુધી જમીન ધારણ કરેલી હોય તેને સહાય મળી શકે છે.

(બ) લેન્ડ રેકોર્ડમાં એક કરતા વધુ જમીન ધારક ખેડૂત કુટુંબના નામ હોય અને કુલ જમીન બે હેક્ટરની મર્યાદામાં હોય તે કિસ્સામાં રેકોર્ડમાં નામ ધરાવતા તમામ સ્વતંત્ર ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.

(ક) અ અને બ પૈકી કોઇ એક અથવા બન્ને માં એક કરતા વધુ જગ્યાએ જમીન ધારક ખેડૂત કુટુંબ તરીકે નામ ધરાવતા હોય તે કિસ્સામાં તેમના માલિકી પણા હેઠળ આવતી તમામ ખાતાની જમીનનું કુલ બે હેકટરની મર્યાદામાં હોય તેમને સહાય મળવાપાત્ર રહેશે.

(ડ) લેન્ડ રેકોર્ડ માં કુલ જમીન બે હેક્ટર કરતા વધુ હોય અને એમાં સમાવિષ્ટ જમીન ધારક ખેડૂત કુટુંબ એક કરતા વધુ હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ જમીન ધારક ખેડૂત કુટુંબમાં પ્રતિ ખેડૂત કુટુંબ દીઠ જમીન બે હેક્ટરની મર્યાદામાં આવતી હોય તે કિસ્સામાં સમાવિષ્ટ તમામ ખેડૂત કુટુંબને લાભ મળવાપાત્ર રહેશે.

❖ **સહાય મેળવવા માટે ખેડુતની જરૂરી વિગતો:** ખેડુતનું નામ, ગામ, તાલુકો, આધાર નંબર, કેટેગરી, IFSC કોડ અને બેંક ખાતાની વિગતો.

❖ **ખેડૂત કુટુંબે લાભ મેળવવા શું કરવું ?**

- આ યોજનાનો લાભ લેવા માંગતા ખાતેદાર ખેડૂતોએ પોતાના ગામમાં જ નક્કી થયેલ સર્વિસ પ્રોવાઇડર મારફત (http://www.digitalgujarat.gov.in/ પોર્ટલ પર) ઓનલાઇન અરજી કરી શકશે.
- સર્વિસ પ્રોવાઇડર જેવા કે વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિનીયોર (વી.સી.ઇ.), દુધ મંડળી, સહકારી મંડળી, અન્ય કોઇ સરકારી અથવા સહકારી સંસ્થા/વ્યક્તિ મારફત અરજી કરી શકશે.
- અરજીકર્તાએ એ વિગતો સહિતનું ફોર્મ અને સંલગ્ન એકરારનામાની પ્રિન્ટ લઈ સહી કરી બેન્ક એકાઉન્ટ વિગત માટે ચેક/પાસબુકની નકલ અને આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ ડેટા એન્ટ્રી કેન્દ્ર ખાતે જમા કરાવવાની રહેશે. તલાટીએ તમામ વિગતો/દસ્તાવેજો એકત્રિત કરી લેવાના રહેશે
- જમીન ધારક ખેડૂત કુટુંબ પૈકી લેન્ડ રોકોર્ડ પર નામ ધરાવતા વ્યક્તિ જો ગામમાં ન હોય અથવા ગામમાં રહેતા ન હોય તો તેમના વતી ખેડૂત કુટુંબ પૈકીના અન્ય પુખ્ત વ્યક્તિ એકરારનામું રજુ કરી શકશે. જે માટે એકરાનામું કરનાર વ્યક્તિએ પોતાનું નામ અને જમીન ધારક સાથેનો સબંધ એકરારનામાના નીચે ઉલ્લેખ કરવાનો રહેશે.